No. Recd.
371

Huzur Deputy Colle[ct]
Surat



111/1925 ઓગસ્ટ 18 8/1925

શ્રી દેશી નાટક સમાજ [બાંચ]

રાજ તિલક.

નાટકનાં ગાયનો તથા ટુંક સાર.

Reg No 184

છપાવી પ્રસિદ્ધ કરનાર

મણીલાલ એમ. ઝવેરી.

ઠાઉ મુકામ — લાલગેટ, સુરત.

પ્રકાશક,

નારકસ સુનીલાલ ... અમૃત

આવૃત્તિ ૩ જી પ્રત ૨૦૦૦

કિંમત રૂા. ૦—૪—૦



૧૨૨૮૫

સુરત બુરાનપુરી ભાગળ પગથીઆ શેરીના નાકે આવેલા " શ્રી લક્ષ્મી પ્રિન્ટીંગ પ્રેસના " માલીક:—હીરાલાલ ચંદુલાલે છાપ્યું.

પ્રયોજકના બે બોલ



પ્રિય પ્રેક્ષક, જે કથાને આધારે રા'માંડલીક લખાયો છે, તેજ ઇતિહાસ પર રા'માંડલીક લખાતાં પહેલાં આ **"રાજ તિલક"** નાટક લખાયો હતો એ વાત રા'માંડલીકના લેખકો, માલેક તેમજ શ્રી આર્ય નૈતિક નાટક સમાજના માજી ડાયરેક્ટર મ્હારા પરમ સ્નેહી ભાઇ **મુળચંદ વલ્લભ નાયક (મામા)** સારી રીતે જાણે છે. તકરમચીનો દોષ ન આવે તે માટે આટલો પ્રમાણિક ખુલાસો કરવાની ફરજ પડી છે.

આ નાટકને નવા સીન સીનેરીથી શોભાવવા શ્રી દેશી નાટક સમાજના માલિક શેઠ **ચંદુલાલ દલસુખરામ ઝવેરીએ** જે ભારે ખર્ચ કર્યો છે તે માટે તેમનો તેમજ મજકુર કંપનીના આદેશ મેનેજર રા. **રા. પુરૂષોત્તમ ઇશ્વરભાઇ અમીન** તેમજ ડાયરેક્ટર નાયક **બલજી મોતીરામે** આ નાટકને ટુંકી મુદતમાં કુશળતાથી રીહર્સલ કરવામાં જે તનતોડ પરિશ્રમ ઉઠાવ્યો છે તે માટે અંતઃકરણપુર્વક તેમનો આભાર માનું છું. અને **નાયક લાલજી બાપુજીએ** બીન સ્વાર્થે મને યોગ્ય સુચના અને સહાય આપી છે તે માટે તેમનો પણ આ તકે આભાર માનું છું.

ચારણ જાત શુરવીર તેમજ રાજ્યભક્ત છે એ ઇતિહાસ પ્રસિધ્ધ વાત છે. દેવી નાગલ અને તેમના સંતાન (આ નાટકના નાયક) પ્રજાવત્સલ હોવાથી તેમની સત્તા રાજસત્તાથી પણ પ્રબળ હતી એ પણ ઇતિહાસ પ્રસિધ્ધ વાત છે એ દ્રષ્ટિબિંદુપર લક્ષ રાખી આ નાટક લખાયો છે અને ત્હેને રંગભુમીને અનકુળ કરતાં પણ ઇતિહાસ અવિકૃત રહે તે માટે બનતી સંભાળ રાખી છે તો પણ ગુણ દોષ હોય તે હંસવૃત્તિ રાખી ક્ષીર ન્યાયે ગ્રહણ કરવાની સુજ્ઞ પ્રેક્ષકને પ્રાર્થના છે.

સુરત પ્રિન્સેસ થીએટર   લી॰ પ્રજાપ્રેમનો અભિલાષી,—પ્રયોજક

રાજ તિલક નાટકના પાત્રોના નામ. તથા રૂપક પાત્રો.

એકયતા દેવી.... ....વિશ્વને આરામ આપનાર મહાશક્તિ.
પ્રભુભાવ ....મનુષ્યોને દેવ બનાવનાર સદ્ભાવ.
કામ ક્રોધ લોભ મદ મોહ— —મનુષ્યોને રાક્ષસ બનાવનાર દુર્ભાવો
ક્રિતિસ્તા ....ગિરનારના શુભેચ્છક મંગળ સત્વો.

પુ.વર્ગ-સુરમોહન (નાગાર્જુણ)દેવી નાગલનો પ્રજાવત્સલ સંતાન.
માંડલીક ....જૂનાગઢનો છેલ્લો રજપુત રાજા.
શાહઆલમ....(પ્રભુનો પ્રેમ વરસો) પવિત્ર સાંઇ-સુલતાનના વાલી
મહમુદશાહ.... ....ગુજરાતનો ભલો સુલતાન (બેગડો)
ખલીલ ....સુલતાનનો શાહજાદો.
દિલાવર ....સુલતાનનો સેનાપતિ.
કેસરસિંહ ....માંડલીકનો પિત્રાઇ કાકો
નરસિંહરામ......શ્રી બાલમુકુંદજીના પરમભક્ત(નરસિંહ મહેતા
દિલારામ .... રાજચારણ મંજરીનો પતિ.
મોર .... શ્રીમંત ચારણ મંજરીનો પિતા
ઉસ્તાદ.... ... . મહા ચારણ મંજરીનો ઉમેદવાર.
વિનાયક .... જૂનાગઢનો દંડનાયક.
વિમળશાહ.... ... ... જૂનાગઢનો નગરશેઠ.
ધિરાજી ... ... મેર લોકોનો નાયક.
સ્ત્રી વર્ગ.—દેવી નાગલ... . . ..સુરમોહનની માતા.
દેવી મીનલ... ... .સુરમોહનની ધર્મપત્નિ.
રાણી ... ... માંડલીકની રાણી.
રાજમાતા ... ... માંડલીકની માતા.
મંજરી ... ...મોરની પુત્રી-દિલારામની પત્નિ.
બંશરી પ્રતિમા ... ...મીનલની બાળસહચરી
દિલજાન ... ... જાસુસ નાયકા.
જાનકી ... ... ઠગ જોગણ માંડલીકની મદદગાર.
મોહિની ... ...વિમળશાહની ધર્મપત્નિ.
એ સિવાય સનિકો, સભાજનો. દારૂડીઆઓ, પ્રજાજન, ખવાસ ઇ.

॥ શ્રી પરમાત્મને નમઃ ॥

રાજ તિલક નાટકનો ટુંકસાર.



અંક પહેલો

પ્ર. ૧ લો—સોરઠના સિંહદ્વાર આગળ દેવી ઐક્યતા ગિરનારનાં મંગલ સત્વો સાથે પ્રભુનું મંગલ સ્તવન તેમજ પાવન તિર્થના યશોગાન કરે છે. તે પછી કામ ક્રોધાદિ પ્રસિદ્ધ પાંચ ઠગો દેવદુર્ગ (જુનાગઢ) ની પ્રજા પર પોતાની મોહજાળ ફેલાવવાના ઉદ્દેશથી આવે છે દેવી ઐક્યતા તેને અટકાવે છે. અને તેમના પર ધિક્કાર વરસાવે છે તેથી પાંચે મળી તેને ઘાયલ કરે છે. એટલે પ્રભુભાવ પ્રકટ થાય છે અને ઐક્યતાને બચાવે છે, અને આશ્વાસન આપે છે એ તકનો લાભ લઇ પાંચે ઠગો છુપી રીતે જીર્ણદુર્ગમાં જાય છે અને પોતાનું આવાહન કરતા રાજા અને અમલદારોને પોતાનાં વાહન બનાવે છે, તેમના જવાથી દેશના ઉધ્ધારનું ચિંતન કરતો પ્રભુભાવ આ પાવન ધામનો સમુલ નાશ ન થાય તે માટે દેવી ઐક્યતાને સૂક્ષ્મ શરીરે દેવી નગરની પુત્રવધુ દેવી મીનલ પાસે રહેવા ફરમાવે છે; અને પોતે સુલતાન મહમુદશાહના વાલી શાહઆલમ સાંઇ પાસે જાય છે.

પ્ર ૨ જો—પતિ ચીંતનમાં નિમગ્ન દેવી મીનલ અને તેની બાળસહચરીઓને કામ પ્રકટ થઇ પુષ્પબાણ મારે છે પણ મીનલ પર એ બાણ નિષ્ફળ જાય છે. બાલસહચરીઓનો વિનોદ ચાલે

છે એટલામાં મીનળનો પતિ સુરમોહન (નાગાર્જુન) જુનાગઢ ગયો હતો ત્યાંથી આવી પહોંચે છે. વિશુધ્ધ દંપતિનો વિનોદ મીનળ જેવી પવિત્ર સ્ત્રીનો સ્વામી અને સાધ્વી માતાનો સંતાન હોવાથી સુરમોહન પોતાને સંપુર્ણ સુખી માને છે એટલામાં સાંઇ શાહઆલમ (પ્રભુનો પ્રેમ વરસો) આવી ચઢે છે અને 'સુખ હંમેશા રહેતું નથી, તેમજ ખરૂં સુખ જુદી વસ્તુ છે' તે જોવું હોય તો માયા અને મોહાંધ રાજાની સેવાનો ત્યાગ કરવા સૂચના કરે છે. સુરમોહન તેમ કરવા ના કહે છે તેથી કેટલીએક આગાહી કરીને જાય છે. સુરમોહને વિસ્મય પામે છે એટલામાં સુલતાનને રોકવા યુધ્ધભૂમીપર ઉપડી જવા રાણીનો આજ્ઞાપત્ર લઇ જાસુસ દિલારામ આવે છે તેથી સુરમોહન વીરાત્મનો સાથે વીરાંગનાઓની આશિષ સાથે રણભૂમી તરફ કુચ કરી જાય છે. જતાં જતાં મંજરી અને દિલારામની મીટામીટ મળે છે.

પ્ર. ૩ જો—પોતાની દીકરી મંજરીને પરણાવવાની ચિંતા કરતા મોર ચારણને ચારણ સ્ત્રીઓ ઉર્ફે ઉસ્તાદ મળે છે. મોર ઉસ્તાદને પુત્રી આપવા લલચાય છે. ઉસ્તાદ પહેરામણી માંગે છે. તેથી તે નક્કી કરવા મોર તેને ઘરમાં તેડી જાય છે. એટલામાં મંજરી અને તેને શોધતો દિલારામ આવે છે. અને મંજરીના મનોરાજ્યનો ભેદ પામી પ્રસન્ન થાય છે બંનેનો હાસ્યવિનોદ સાંભળી ઉસ્તાદ ઘરમાંથી બહાર આવે છે. અને દિલારામ પર ક્રોધે ભરાય છે. દ્વંદ્વ યુદ્ધમાં ન ફાવતાં ઉસ્તાદ પોતાની મદદે મોરને બોલાવે છે. મોર દિલારામને ઓળખતાં ઉસ્તાદને થાપ આપી બહાર લઇ જાય છે તેથી દિલારામ ને મંજરી ખુશ થાય છે.

પ્ર ૪ થો:—માંડલીકને કબજામાં પડેલી નગરશેઠ વિમળ-
શાહની ધર્મપત્નિ મોહનીને વિમળશાહનો મોકલેલો સંદેશ દૂત
કહે છે. પણ મોહમદ માંડલીકને આવતો જોઇ નાસી જાય છે.
માંડલીક મોહિનીને મનાવે છે. એટલામાં માંડલીકને પકડવા નીક-
ળેલો સુલતાનનો સેનાપતિ આવે છે. બને વચ્ચે ઝપાઝપી થતાં
વીર નાયક સુરમોહન રાજાની મદદે આવે છે અને તેને મુક્ત કરાવી
ગઢ તરફ વિદાય કરે છે પાછા હઠેલા સેનાપતિની મદદે સુલતાન
આવી પહોંચતા પછું યુધ્ધ થાય છે યુધ્ધમાં પરરાજય પામતાં
સુરમોહન આપઘાત કરવા જાય છે પણ સુલતાન તેમ કરતા
અટકાવી શામ દામથી મેળવી લેવા કોશીશ કરે છે અને તેમાં
નિષ્ફળ જતાં સુરમોહનને તોપથી ઉડાડી દેવાનો હુકમ કરે છે.
તોપ ગોળાને છાતીપર ઝીલવા તત્પર થયેલો સુરમોહન પોતાને
આવું કંગાલ મોત આવતું હોવાથી સંપુર્ણ સુખી માનવાની
પોતાની ભુલ સમજે છે. અને અંત સમયે શાહઆલમ! એ ઉદ્ગારો
કહાડે છે તેથી શાહઆલમ પ્રગટ થાય છે અને બંને વીરાત્માઓ
તેમની ઇચ્છાને માન આપી પરસ્પર ભેટે છે.

ટેબ્લો.

પ્ર. ૫ મો—મંજરી અને દિલારામનો પ્રેમવિનોદ, ઉસ્તાદને
મર્કટ બનાવી નચાવવાની બાજી, ઉસ્તાદનું આવવું, અને મંજરીના
પ્રેમ માટે મર્કટ બની નાચવું, અંતે ફજેત થતાં ક્રોધે ભરાઇને જવું.

પ્ર. ૬ ઠો.—ગઢ તરફ નાસતાં તૃષાતુર માંડલીક મીનલના
હિમોદ્યાનમાં મુર્છિત થાય છે. મીનલ પોતાનો અન્નદાતા સમજી
સુશ્રુષા કરે છે. મુર્છા વળતાં પરસ્પર પિછાન થાય છે. રાજા

દેવી મીનલના સાદ્દયેથી અંજાઇ મોહબદ્ધ થાય છે અને પ્રેમ યાચના કરે છે. મીનલ રાજાને પોતાનો ધર્મ સંભારવા કહે છે. એટલામાં મંજરી સુરમોહન આવ્યાનો સંદેશો લઇ આવે છે. તેથી રાજાને પડતો મુકી મીનલ પતિને મળવા જાય છે. સુરમોહન આવ્યાના ખબર સાંભળી રાજા ચિંતાતુર થાય છે અને વિચારમાં પડે છે. શાહઆલમના સુચવવાથી દેવી મીનલના હાથે રાજ તિલક કરાવવાની કોશીશમાં યોગીના વેશમાં ફરતો સુલતાન વિમળશાહ સાથે સુરમોહનની જાગીર જોવા આવે છે. પણ માંડલીકને જોઇ પાછો જાય છે બીજી તરફથી સુરમોહન સુલેહ માટે જુનાગઢ જતાં મીનલને મળવા આવે છે અને પોતાને ત્યાં રાજાને જોઇ વિસ્મય પામે છે. રાજા સુરમોહનને જોઇ કોઇપણ શરતે પ્રબળ શત્રુ સાથ સુલેહ કરવાનો સમજાવી અત્રેથીજ વિદાય કરે છે અને સુલેહની ખુશાલીમાં સાત દીન ઉત્સાહમાં ગુજારવાનું ફરમાન કહાડે છે,

પ્ર. ૭ મે —રાજરાજેશ્વરના મંદીરમાં સુલેહનો ઉત્સવ, ગરીબોને દાન, રાજયોગીના વેશમાં સુલતાનનું આવવું. દાન લેવા વિનતી કરતાં મીનલને હાથે તિલકની માંગણી. એટલામાં ઉત્સવ નિમિતે રાજાનું આવવું તેના ચમત્કાર અર્થે મીનલનું નાગદેવીના ફરમાવવાથી તિલક કરવા જવું. રાજાનું વારંવાર પાછા ફરવાથી મિનલ રાજ-તિલક સુલતાનને કરે છે તેથી રાજા ક્રોધે ભરાય છે અને સર્વને વિખેરી મીનલની માંગણી કરે છે. નાગદેવીને તુચ્છકારે છે અને નિરંકુશ થઇ મીનલનું હરણ કરવાની કોશીશ કરે છે. અને પ્રભુભાવ પ્રકટ થઇ રાજાનું સર્વ બળ હરિ નિષ્ફળ કરે છે. વીર હનુમાનની આંખમાંથી તેજ અંબાર છુટે છે રાજા ગભરાય છે અને મીનલ ખુશ થાયછે. ડ્રોપ.

૧૨૨૮ ૪

અંક ૨ જો.

પ્ર. ૧ લો.—નિષ્ફળ જવાથી રાજાએ પોતની મદદગાર જાનકી નામની ઠગ જોગણુ મીનલને સપડાવવા મોકલી હતી તે સુરમોહનના નામે મીનલને પોતાના અખાડામાં ભોળવી લાવી ફસાવે છે અને તેથી ખુશ થઇ પોતાની માયા જાળનો ભોગ થએલા આબરૂદાર નાં સંતાનો સાથ દારૂનો દોર ચાલુ રાખે છે મીનલ આ સર્વને આત્મજ્ઞાન આપી સુધારે છે. અને તેઓ જતાં આ જાળમાંથી છુટવા કોશીશ કરે છે એજ અખાડામાં છુપ વેશે રહેલા સુલતાન તેને દરબારમાં શું બને છે તે બાતમી લાવવા મોકલે છે અને પોતે છાવણી તરફ જવા નીકળતાં સુરમોહન મળે છે તેને સુલેહ માટે દરબારમાં મોકલે છે

પ્ર. ૨ જો—માંડલીક અને હાજી હા કરનાર દરબારીઓને ઢીલ જાન રંગરાગમાં મસ્ત બનાવે છે. હિમારાય રાજાના કાકા કેસરીસિંહ ને તેડી લાવી આ સઘળુ બતાવે છે તેથી તે ઉશ્કેરાય છે ગુણ મહાજનશેઠ વચમાં પડીને બંનેને શાંત કરે છે. અહીં સુલતાનનો સુલેહનો સંદેશ લઇ સુરમોહન આવે છે. રાજા તેનાપર દ્રોહનો આરોપ મુકે છે અને દેહાંત દંડ માટે સર્વ સામંતોની અનુમતિ માંગે છે, કેસરીસિંહ તપાસ વિના તેમ કરવા ના પાડે છે તેથી રાજા કેસરીસિંહને કેદ કરવા હુકમ કરે છે તેથી રાણીને સુરમોહન તેમજ કેસરીસિંહના બચાવ અર્થે પડદા છોડીને આવવાની ફરજ પડે છે. અને તેથી રાજા ઘણો ખીજવાય છે અને રાણીપર નીચ આળ ચડાવે છે. વીર રાણી તે સાંભળી ન ગભરાતા

રાજાના દુષ્ટ કર્મો જાહેરમાં મુકે છે તે સાંભળી દીલારામ મીનલને બચાવવા દોડે છે. તેમજ સર્વ દરબારીઓ દરબારનો ત્યાગ કરે છે. દિલારામ મીનલને છોડાવી જાનકીને પકડીને દરબારમાં લાવે છે. રાજા ઝાંખો પડે છે અને સુરમોહનને મારવા જાય છે. પણ રાણી અને કેસરીસીંહ અડગ ઉભા હોવાથી તેમ થઇ શકતું નથી એટલામાં દીલારામના સંકેતથી પ્રજાવર્ગ ધસી આવી રાજાને પોતાની ધારણામાં નિષ્ફળ કરે છે

ટેબ્લો.

પ્ર. ૩ જો—રાજાની આવી અધમતા જોઇ રાણી અને મીનલના સમજાવવા છતાં સુરમોહન આવા અધર્મી રાજાના હથીઆર છોડી ચલ્યો જાય છે. તેથી રાણી અને મીનલ દુઃખી થાય છે અને પુરૂષનો સ્વાંગ લઇ રાજમહેલ છોડી જવાનો નીશ્ચય કરે છે. એટલામાં મીનલને પકડવાના દુષ્ટ હેતુથી રાણીને મનાવવાને રાજા આવી પહોચે છે બીજી તરફથી મીનલને પુરૂષવેશમાં આવતી જોઇ તેને પકડીને રમણ મહેલમાં લાવવા વિનાયકને હુકમ કરી જાય છે. રાણી તલવાર ફેરવતી ચાલી જાય છે પણ બુમ રાણ સાંભળી મદદે આવતો કેસરીસિંહ પકડાય છે. વિનાયકને દાસીઓ આવી ગભરાવે છે. એ તકનો લાભ લઇ મીનલ ચાલી જાય છે અને વિનાયકના બેહાલ થાય છે.

પ્ર ૪ થો—પોતાની જમીનદાર રાજલાગો પડવાથી સ્વતંત્ર પણ રાજભક્ત મેર લોકો વિનાયકપર ખીજવાયા છે તેને બનાવટને નિમિત્તે બોલાવી જાનકી; વીનાયકને બદલે સુરમોહન તથા મીનલને તેને હાથે ફસાવે છે અને રીબાવવા સમજાવે છે અને પોતે આ ખબર રાજાને આપવા જાય છે.

પ્ર. ૫ મો મંજરી આવી બંસ ને વિનોદ ચેટક માં દિલારામ બાદીના કપડાં લઇ આવે છે તેથી મંજરી રીસ ચ છે અને પટાણુંની પટરણી બનાવવાના પોતાના અભિલાષો પ્રગટ કરે છે. પણ ચેટક પોતાના પતિનું કરૂણ નો માન આપી બાદીના ગુણ પ્રગટ કરે છે. એટલામાં ઉસ્તાદ આવે છે તેને બચડી અને મોરલો પ્રતાપ કરી સન્મતિ લેવા સમજાવે છે આખર તે કબુલ કરે છે.

પ્ર. ૬ ઠો મેરે લાલો દુરમોહનને વિનાયક સમજ્ઞ ખુબ અને દુભાવી રીઝાવે છે પણ મનલ આજીજી પીગલે છે. પાછળે, મોહન સંપૂર્ણ સુખી મ નાર દંપતિ શાહઆલમને સત્કાર છે. શાહઆલમ પ્રગટ થઇ તેમની આ અવસ્થા જોઇ દુખી થાય છે એટલામાં મેર લોક આવતું જાય છે. શાહઆલમ પાછળી બાબતની ચર્ચા દર્શાવે છે. સુરમેંદા બાબતનું તેના સમજણ ખરું છે. તેથી દુખી થય છે અને મેર નાયક ખિરાજીન દેવા નગરા રાખે આવે છે ને ચમત્કાર બતાવે છે. સુમોહન નિશ્ચય પામે છે. એટલામાં ખિરાજ આવી દરમોહનની આગા માગે છે સુરમેંદા તમના મગજને બહાર નિકળ માંગે છે. એટલામાં રાજાની લઇ આવી આવે છે અને બીજાને કેદ કરવા ચાહે છે પણ બહારથી ફરી જતા રંગ ઝપો પડે છે. મનના તેની સાથે મેર આગેવાન પટાર મોહિર કરાવી લે છે.

દૃશ્ય ૩

પ્ર ૭ મો—ઉતાર બાલકુંવારીના કપમાં મેરને મળે છે અ ાતનો બા જવું છે બાળા મેર લોગાન છે નાટકમાં

મંજરી ઉસ્તાદની નવી જુની બાયડીને તેડી લાવી ઉસ્તાદની ફજેતી કરે છે.

પ્ર ૮ મો—ખાદી નગરમાં સુરમોહન અને મીનલ ગરીબીમાં દિવસ ગુજારે છે. ત્યાં વિનાયક આવી ઠેકડી કરે છે. મીનલ તેમનાપર ધિક્કાર વરસાવે છે વિનાયક ઝાંખો પડી આ અપમાનનો બદલો કેશરીસિંહ વગેરે પર લેવાનું જણાવી જાય છે. સુરમોહન આથી દુઃખ પામે છે. અને આપઘાત કરવાનો વિચાર કરે છે. મીનલ ત્હેને શાંત્વન આપી દેશ ભક્તિ કરવા શસ્ત્ર ધારણ કરવા સ્હમજાવે છે દેશના દુશ્મનની સ્હામે અને અધર્મી રાજાને પક્ષે શસ્ત્ર ધારણ કરવાનું સાંભળતા સુરમોહન ક્રોધે ભરાઇ મીનલને ભુમીપર પછાડે છે તેથી દેવીનો શ્રાપ પામે છે, મીનલની પ્રાર્થનાથી ઉદ્ધરનો માર્ગ દર્શાવી દેવી અંતરધ્યાન થાય છે. અહીં સુરમોહનને શોધતો સુલતાન આવે છે. અને પોતાની કુબ્બાની આપવા તૈયાર થાય છે. ત્યાં દેવી પ્રકટ થઇ સુરમોહનને સચેતન કરે છે. અને બંને પ્રેમભાવથી મળે છે.

ટેબ્લો.



૧૫

અંક ૩ જો.

પ્ર. ૧ લો.—જેલમાં કેસરીસિંહ વિગેરે કેદીઓપર વિનાયક ત્રાસ વર્તાવે છે. પ્રજાજન સાથે ભક્ત નરસિંહરામ આવી વિનાયકને ધિક્કારે છે. પ્રજાનું તોફાન જોઇ વિનાયક ક્રોધમાં આવે છે. વિનાયક ગોળીબ્હારના હુકમ આપે છે તેથી કેટકેરાયથી પ્રજાનો ભોગ થઇ પડે છે અહીં સુરમોહન તેમજ મીનલ આવી પ્રજાને શાંત કરે છે પણ રાજા આવી તેને પણ બેડી નાંખે છે અને સર્વ પર ત્રાસ વરતાવે છે. નિર્દોષ પર થતાં જુલમ જોઇ સુરમોહન કંપે છે અને પોતાના સર્વસ્વનો ભોગ આપી સર્વને મુક્ત કરાવી. પોતે શસ્ત્ર ધારણ કરી દેશ માટે લડવા રણભૂમી તરફ કૂચ કરીજાયછે

પ્ર. ૨ જો—પોતાની નિરંકૂશતાથી થતો હાહાકાર જોઇ રાજા સંયમી થવા નિશ્ચય કરે છે એટલામાં મીનલ આવે છે. અને ધર્મમર્યાદા ન ઉલ્લંઘવા સમજાવે છે. પણ કોઇપણ રીતે રાજા સ્થીરજેતો ન હોવાથી પોતાની લાજ પરમાત્માને સોંપે છે. સ્વચ્છંદ રાજા પોતાની વાસનાનો ભોગ થવા દેવી મીનલનો પલ્લવ પકડે છે. ત્યાં એજ વખતે સુલતાન મ્હેલનો કબજો લે છે અને દિલાવર રાજાને કેદ કરે છે. તેથી સુરમોહન રાજાની મદદે આવે છે. પણ કેસરીસિંહ આવી બંનેને લડતાં અટકાવી સુલેહ કરે છે.

ડ્રોપ.



પ્ર. ૩ જો—નવી જુનીથી અકળાયલો ઉસ્તાદ મંજરીને સતાવતાં મંજરીનો તમાચો ખાય છે તેથી એ વેરનો બદલો મોર પર લેવા ચહાય છે, મોર પોતાની નવીને શોધતો આવે છે અને પ્યાર કરવા જતાં ઘુંઘટ ખુલે છે અને આશુકને બદલે ઉસ્તાદને જોઈ ઉશ્કેરાય છે. ઉસ્તાદ મંજરીને પરણાવવાનું કહે છે. મોર ઇન્કાર કરે છે તેથી મોરને બાંધે છે મંજરી તે જોઇ ગભરાય છે અને દીલારામને સીપાઈ સાથે બોલાવી લાવે છે મોરની ગળચી દાબી કબુલ કરાવતાં મંજરી ઉસ્તાદને અટકાવે છે. ઉસ્તાદ તેને ઉઠાવી પોબાર ગણવા ચહાય છે પણ પોલીસના હાથમાં સપડાય છે તેથી પસ્તાય છે મોર તેને છોડાવે છે અને મંજરી દિલારામનો હસ્તમિલાપ કરી આપી ખુશ થાય છે.

પ્ર ૪ થો—મીનલ ચિતા સ્થાન અર્થે સ્મશાનમાં આવે છે. સર્વ તેમના આશીશ પામી પાવન થાય છે. સુલતાન મીનલને સતિ થતી જાણી ગમગીન થાય છે. અને કેસરીસિંહની સલાહ પુછે છે. કેસરીસિંહ સોરઠપર ભેદભાવ ભૂલી ધર્મ રાજ્ય કરવાનો ઉપદેશ કરે છે સુલતાન અને રાજા સતિને નમે છે. રાજા પોતાના ઉદ્ધારનો ઉપાય પુછે છે. તેને મીનલ શાહઆલમનું શરણ ધરવાની સૂચના કરે છે. અને ચિતામાં પડે છે. સુલતાન ગમગીન થઇ શાહઆલમનું સ્મરણ કરે છે. તેથી પ્રકટ થઇ પરસ્તાનમાં મીનલ પ્રભાવ તથા દેવી નાગલનું દિવ્ય સર્વને બતાવી સર્વ પર આશીશ વરસાવે છે દેવીના મીનલના જય જયકાર સાથે ડ્રોપ પડે છે.

સમાપ્ત.

॥ સત્યમ પરંધિમહિ ॥

રાજ તિલક

નાટકના ગાયનો.

અંક ૧ લો.

ઐક્યતા દેવી અને ફિરિસ્તા—

વિદ્ધ મંત્ર ઑંમકાર, શુદ્ધ બુદ્ધ દાતાર,
સૂત્રધાર સ્વયમભુ ! ચેતનનો ચમકાર.—સિદ્ધ૦
વંદન હૃદયરંજન ! પ્રેમતરંગ ! નિરંજન,
મંગલકરો મંગલકર, સંતન ત્રિભુવન મંડન,
અંતર પાવન શંકર ! અમૃત આનંદ સાર—સિદ્ધ૦

ફિરિસ્તા—

૧

પુણ્યશાલીની પ્રસવભૂમી આ સોરઠ સ્વર્ગ સમાન,
સુશોભિત સોરઠ સ્વર્ગ સમાન.
સદ્વર્તનથી સોહંતા જનહિત ચિતમાં ચિંતન્તા,
સુર તરૂ જેવા સંતનીઆ ચૌદ રત્ન સમાન,
સુશોભિત સોરઠ સ્વર્ગ સમાન.

સંગીત ઉર સ્નેહગીનતા અમૃત સાવિત્રી સીતાના.

સુર ગંગ સમ નિર્મલ અંગના લક્ષ્મી કુલ કલ્યાણ.

સુશોભિત સોરઠ સ્વર્ગ સમાન.

સખીઓ— ૨

વાયા વ્હાણાં વસંતના આજ,

સુધારો મોંઘા જીવન મનમોહનજી.

અમે આશા ભર્યા શિરતાજ,

પધારી ધન્ય કરો મનમોહનજી.

અંતરમાં આજે ઉગ્યા રાજસ રસ ચમકાર,

અંગ માદન સંચાર શું મન્મથ યુગ અવતાર !

થનગન થનગન ત્રિભુવન નાચે,

તનમન નાચે જનમન રાચે.—થનગન૦

કલિઓને અલિ ચુમતા કરતા અમૃતપાન,

પ્રિતમ ક્યારે પૂરશો, આ અણમુલા અરમાન !

કેમ સહિયે રે કેમ સહિયે કુલ, શરીરે વિષબાણ જીવાડો,

ક્યાં જઇયેરે ક્યાં જઇયે, પરવશ અમૃત પ્રાણ પધારી.

ધન્ય કરો મનમોહનજી—વાયા૦

સખીઓ— ૩

લાલ લાલ ગાલે રસિલા રંગ રાજે !

રહસ્ય અગ અંગ આજે ઉલ્લાસમાં વિરાજે !

બોલ બોલ બાલે ! તું શાને આમ લાજે ?
મધુર ઘેન આંખડીમાં બ્હેનડી શા કાજે ?

....

સ્મિતને ઓવારણે વ્હાલમને વધાવજે,
સ્નેહને સિંહાસને પ્રિતમને પધરાવજે;
આંખની મીઠાશથી મોહનને લોભાવજે,
પ્રાણના સુવાસ પછી દેવને ધરાવજે.
પછી ?
સ્નેહની શૈય્યામાં સલુણા સંગ જાજે !
ત્હારા અધરના અમૃત આમ પ્રિતમને પાજે !—લાલ૦

નગ્ન મહિલાઓ— }
મીનલ-સુરમોહન— } ૪

દેવવંશના અંશ ત્હમે છો, દેવવંશના અંશ,
ચતુર ખંડને ચકિત કર્યા તે ધર્મવંશના અંશ—ત્હમે છો
વિમલ રૂધિર વહે તમ હૃદયે વિલસ તમારા વંશ;
વિમલ યશશાલી પૂર્વજના કિલકિલતા કલહંસ—ત્હમે છો
સત્યશિલ છે શાસ્ત્ર તમાર, શૌર્ય વિર્યના સંગ,
ધન્ય પ્રસંગ અણુમુલા આજે, ઘુમી ઝુમો રણજંગ—ત્હમેછો
પાવલીયા પાછા ન ધરશો, ધુર્તના કરજો ધ્વંસ,
વ્હાલવિહારી વ્હેલેરાવળજો, લઇ અમૃતયશ અંગ,—ત્હમેછો

મંજરી— ૫

જોબનીઆ હે જોબનીઆ ! રસઝુલે ઝુલે નવજોબનીઆ !

લોચનીઆં રે લોચનીઆં ! જગ જોઇ ડુબે રસ લોચનીઆં !

ચાહ છે દિલડાં, મનમોહનનાં.

મોંઘા મુલા રસ ચુંબનીઆં ! રસ ચુંબનીઆં !

જગ જોઇ ભૂલે રસ લોચનીઆં !

તાલાવેલી થાય સખું ન જાય હુ રે ના ! એકરંગું રહેવાય

અમૃતભર મન મહેનીઆ રે મહેનીઆ

જગ જોઇ ડુબે રસ લોચનીઆં ! રે—જોબનીઆ ૨૦

મંજરી—કલારામ— ૬

સાહ્યબા સેંથીનું જાણી સજનીઆ

વિમલા ગોરી અનારીઆ !

રાખી હૃદયપર રીઝવું મન માન અભિમાન

'અમૃત' પીવડી પ્રેમના મન ભરી કર્યું માન

નવલ આપી જોબનીઆ—સાહ્યબા.

ગુંજ ગુંજનમાં ગુંપતી તું લોચન કંડી બાન

ગ્યાનું હું કંઇ સમજું નહિ છે હેત અંતરનો આમ

જોઇ તો જાણે અલબેલીઆં—સાહ્યબા.

મોહિની—માંડલીક ૭

[illegible] લાજ ગાજની કરો! ગમારમાં

આવ્યું [illegible] ગમારમાં

પ્રેમથી બધાવશું દિલના દરબારમાં
રેહેણીમાં રહીએ રાજ—રાજવી
અમૃત વરસાવશું પ્રેમ ગુલઝારમાં
તોડો ન પુર્વક પાજ—રાજવી

દિલારામ-મંજરી-ઉસ્તાદ. ૮

ભભક બતાવી પ્યારી ગજબ કર્યો ત્હેં સપડાવ્યો નટખટને
મોહિની! મોહિની! મોહિની! વેચાવ્યા આ મરકટને—ભ૦
જે દશ્યમાં અંધા બની પરનારપર લલચાય છે.
નિશંક તે નિર્લજજનો આ હાલમાં સપડાય છે
પ્રથક ઝુક, હુકહુક, બેટા ચાલ; હુકહુક !
સલામ કર સલામ છે સલામ છે સલામ છે !
અંદરનો ભેદ ભાઇ જોઈ લેજો આમ છે
મંજરી....મંજરી....મંજરી....ના બગાડ મ્હારા વટને—ભ૦

મંજરી— ૯

જોઇ જોઈને દિલદાર ચ્હડતો પ્યારનો ખુમાર !
મ્હારા પ્યારમાં વિહાર કરજો કામના કુમાર !
ત્હારી આંખડલીના માર ! જાણે દજલડીના પ્રહાર !
પ્યારા હાસ્યના અંબાર ! ઝીણી વરસે જાદુધાર !
મ્હારા પ્યારમાં વિહાર—

મ્હારા જોબનીઆના સ્વાર ! મ્હારા હૈયા કેરા હાર
મ્હારા લોચનનીઆંની જ્યોત ! નાનકડી નખરાળી નાર
અમૃત પ્રાણના શીકાર કરવા માંર મારે માર—જોઇ.

મીનલ— ૧૦

સ્થંભો યમ દંડ-ધરણ સુતો હાયે સિંહ સોરઠનો
ધડકે છાતી શ્રી હરિ રાખો લાજ
પ્રભુ ! ચિન્ત નાહિ રહે ધીર—સુતો૦
ડુબતી તારો નાવડી આ જીવનની
ભય ભંજન તું ત્રાતા બલવીર—સુતો૦

મીનલ અને માંડલીક— ૧૧

આ જન્મ ધર્યો શા માટે જીવડા શોચ ઘડી સુજાણ,
શોચ ઘડી સુજાણ પુણ્યવંશીના ઓ સંતાન-આ જન્મ
ભવ્ય પુણ્યના બલથી પામ્યો દેવપક્તિમાં સ્થાન
તેજ પુણ્યના પંથ પરહરતાં પામીશ નર્ક હિન-આ જન્મ
દિવ્ય પ્રેમ છે મંત્ર અમારો જીવન પ્રેમ પ્રધાન,
તેજ પ્રેમના અમૃત સાટે દઇશું દિલના દાન-આ જન્મ

સુરમોહન— ૧૨

ભારભુત જીવવું ! પરવશ સોરઠ !—ભાર૦
હૈવે છળી કર્યો દુશ્મનનો દાસ—ભાર૦

શાંતિ નહિ રહે ક્રાંતિ ન જોઇ જાય,

સ્રંખલા પરની હાથ ! પરવશ પડયા પ્રાન,

આવા વિખવાદોથી દુઃખી હાય ! સોરઠ !

ત્રાહિ ! ત્રાહિ ! જગતાત્ (૨) ભારભુત૦

નથ મહિલાઓ-મીનલ તથાં માંડલીક— } ૧૩

આંગણીઆ આજ સુહાવો રાજ; વીરવંશી શિરતાજ,
કુમકુમીયે પગલે પધારો રાજ, વીરવંશી શિતાજ,
ભક્તિભાવ ભર થાળ ભર્યો મ્હેં, બહુમાન કુલપાન,
હર્ષજયોત ઝગમગતી હૈયે, ભાગ્યશાળી ભગવાન,
કુમકુમીયા તિલક સ્વીકારો રાજ, વીરવંશી શિરતાજ.
ભેદ નથી રાજા રૈયતમાં દેહ જુદા એક પ્રાણ !
અમે તમારા ત્હમે અમારા ત્યાં આ શા સન્માન !
ફુલ અંજલી આ સ્વીકારો રાજ, વીરવંશી શિરતાજ,
કુમકુમીયાં તિલક સ્વીકારો રાજ, વીરવંશી શિરતાજ.
અવળા મુખ કરો ના રાજન લેજો મધુરી લ્હાણુ.
અમૃતને વિખડાં ના માનો યદુકુલ ચતુર સુજાણ.
અંતર ઉજવલીઆ રાખો રાજ, વીરવંશી શિરતાજ.



અંક ૨ બીજો.

મીનલ— ૧૪

જન્મીને જીવજો નિતિપર આશા અમૃતધાર થશે
કરવું હાથે ભરવું હાથે પુન્ય કરો ભવભાર થશે
જૂઠી માયાપર મરતાં જગની બાજીમાં હાર થશે
સજવી સમતા તજવી મમતા આ સફલ આવતાર થશે
ધર્મ કર્મને પંથ જતાં અંતે રાજી કિરતાર થશે-જ૦

દિલજાન— ૧૫

મોરે સૈયાં પે બલજૈયાં રે દેખો મય બાલકુંવારી
રસકી ભરી નહિ અંખીઆ મીલાવો
જીગરકે જખમ કરૈયારે—જીગરકે—
મર ચુકે હમ ઔર ન મારો
હમરી લાજ રખૈયારે—મોરે૦

મંજરી— ૧૬

હારી ભ્રમરીઆ
હારી એ રસિયાથી થૈ હું બેજાર રે-રંજાડી—હારી.
શાણી સખી અલિ છે રસભોગી આપ જઈ રસદાન
હારી હારી, હારી રસબસીયા
ઝુક ન જીગરપર મોહન થઈ મસ્તાન
ધડકે ધડકે મુજ છાતલડીયાં ભુલી ગઇ તનભાન

વિઠ્ઠલ નવકર મધુરા મધુકર તું ગુંજન થઇ ગુલતાન
હાં ધીરી ચતુરા જઈ રસિકને દે અમૃતના પાન–હારી૦

જરી–દિલારામ ૧૭

બની મુંબઇની શેઠાણી હું મોટરમાં ફરૂં
તું પ્હેરે જો આ ખાદી તો હું કબુલ કરૂં
બનું પાટણની પટણાણી રે હું મોજ કરૂં–બની૦
ઘોડા ગાડીઓ મંગાઉં વાડી બંગલા અપાઉં
પણ ખાદી તો પ્હેરાઉં ત્હને મંજરી
સાડી ફેશનેબલ લાવો મ્હરૂં મનડું મનાઓ
વળી એરોપ્લેન મંગાવો આપી વરદી
ઉડે અધ્ધર સરરર રરરર ફરરર રરરર જાયરે હું
ત્હેમાં ફરૂ–બની૦
પ્હેરો હોંસે હોંસે ખાદી પ્યારી એમાં છે આબાદી
મળે આબાદીને જાથ ત્હારી રશદી
પૂરો મ્હારા અભલાષ માનો મ્હારી ફરમાશ
મ્હારૂં દિલડું બનાવી દીધું હરદી
હું–યાં–માં–તો થરરર રરરર અરરર રરરર થાયરે હું
કેમ કરૂં–બની૦

રમોહન— ૧૮

મન મોક્ષની આશ ન રાખીશ તું

સદભાગ્યનો અસ્ત સિતારો છે
ધામ ધ । ધનસંપત્ત ક્યાં છે ? ખેલ વિધિનો ન્યારો છે
એક ઉદરને કાજે આજે પ્રાણુ પિડિત્ નોધારો છે
આ જગમાં સુખના સૌ સાથી દિવસ વાંકો અમારો છે
નાથ નિરંજન ભવદુખ ભંજન અમૃત સાચો કિનારો છે

મીનલ—(પથ્થમાં) ૧૯

દુઃખહરણુ વિધ્ધન સાહાક પ્રતિદિન
રહેમ કરો પ્રેમધન ત્રાતા દિનજનનો—દુઃખ૦
માયા ધન નહિ સાથ રાજ ચલિત સાજ
હૃદય રમણુનાથ નિરધન ધન છો—દુઃખ૦

મોર–દિલારામ–નવી જૂની ઉસ્તાદ. ૨૦

બંકા બુલબુલનો પ્રાણુ બચાવો રે હાં બચાવો
હાંરે પકકી દિલબરને ઠંડો બનાવો ઠંડો ચલાવો
મ્હારા બાલા જોબન લૂંટાય ઓ મોર બચાવો
રે બચાવો રે બચાવો–બંકા૦
આ જોડી અમારી રંગીલી ન તોડો
શંખણીઓ જાવ ઘર જાવ જાવ જાવ
રિદ્ધિ ને સિદ્ધિ જેવી બે બાયડી !
છોડી, નહિ ક્રુર થાવ થાવ થાવ,
હાય ! સિતમ સિતમ !

સનમ સનમ!

જુલમ જુલમ ! હાય !

મીનલ–સુરમોહન ૨૧

સુતરને તાંતણે સ્વરાજ્યની સિદ્ધિ સમાઇ છે
રૂડા આ રેંટીઆથી તો અમારે બાદશાહી છે
સ્વતંત્ર હિંદને રાખે શરીરો રંકના હોં.
આપે તંદુરસ્તી તો અમારે બાદશાહી છે
ગરીબી હો, ફકીરી હો, અખંડિત આત્મશ્રદ્ધા હો
'અમૃત' આબરૂ રહી છે, અમારે બાદશાહી છે

અંક ૩ જો.

—o—


(નાચ)

મોર–દિલારામ–સર્વે— ૨૨

હસતાં રમતાં સઉને ગમતાં હરે ગાઓ મુબારકબાદ !
છેવટ સારૂ–તો સૌ સારૂ, હવે કરીએ પ્રભુની યાદ,
ગરબડ સરબડ સૌ થઈ ચુકી અને ગઈ ગુજરી સૌ વાત,
સુંદર નરનારીનો મળી ગયો હાથ !
ધુમધામની ગાઇએ હવે વધાઇ વધાઇ વધાઇ વધાઇ
ભુલચુકની થઇ ગઇ છે સફાઇ સફાઇ સફાઇ સફાઇ,
હવે બોલો સહુ વંદે માતરમ્ ।

કેસરી--- ૨૩

સહુ ફરજંદ ખુદાનાં છે સહુમાં નુર ખુદાનું છે,
અગર હો હિંદુ યા મુસ્લીમ, સહુ કુદરત ખુદાની છે,
પઢો પુરાણ યા કુરાન, અવસ્તા બાઇબલ ઇન્જલ,
સહુમાં તેજ છે સરખું. સહુ કુદરત ખુદાની છે.
જપો મુખ રામ કે રહેમાન, અગર જરથોસ્ત કે ઇસુ,
જૂદાં છે નામ એ તોપણ, સહુ કુદરત ખુદાની છે.
પ્રભુ છે કાશી કાબામાં, મંદિરો ને મસજીદોમાં.
હરિ હકતાલા એ અમૂલ, સહુ કુદરત ખુદાની છે.



અસહકાર અને આપણી ફરજ,

અસહકાર માટે સાત્વિક વૃત્તિની ખાસ જરૂર છે

એ સાત્વિક વૃત્તિને પોષણ આપનાર

દુધ! સ્વચ્છ દુધ!



એવું સ્વચ્છ દુધ ગ્રાહકોને છુટક તેમજ જથાબંધ સં-ભાળથી પૂરું પાડવું એ હમારો મુદ્રા લેખ છે. તે સાથે બાસુદી, મલાઈ અને શીખંડ માટે અમારી દુકાન પ્રજામાં જાણીતી તેમજ માનીતી છે બહાર ગામના ઓર્ડરપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. માટે એકવાર પધારી ખાત્રી કરશોજી.

શ્રી. સ્નેહાધીન

સુરત.
ગોપીપુરા બજાર

છોટુભાઈ જીવણરામ
દુધવાળા.

શ્રી

શ્રી દેશી નાટક સમાજ — **જાહેર ખબર.** — ઠે પ્રીન્સેસ થીએટરમાં સુરત.

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો મુકામ જ્યાં હોય ત્યાંથી અથવા અમદાવાદ તળપદમાં પ્રસિદ્ધ કર્ત્તા પાસેથી મળશે માટે જેઓ સાહેબને જોઈતાં હોય તેઓએ રોકડી કીંમતથી મંગાવી લેવાં. વેલ્યુપેબલ અથવા નોરપેડ કાગળ રાખવામાં આવશે નહીં. નીચેના દરેક પુસ્તકો ચાર આનાની કીંમતે મળશે.

૧ સતિ સંયુક્તા	૧૯ શ્રી ભદ્રાયુ	૩૭ કુસુમલતા
૨ સંગીતલીલાવતી	૨૦ સતી દ્રૌપદી	૩૮ ચંપાકુમારી
૩ પવિત્ર લીલાવતી	૨૧ [illegible]	૩૯ ગુલસંભાવલી
૪ સતી પાર્વતી	૨૨ શ્રી [illegible]	૪૦ [illegible]
૫ અશ્રુમતી	૨૩ જલીમ ટલીમાં	૪૧ [illegible]
૬ રામ વિયોગ	૨૪ મદન મંજરી	૪૨ નરસીંહ મેતા
૭ મ્યુનીસીપલ ફંડ	૨૫ સતી પદ્મીની	૪૩ [illegible]
૮ ભોજકુમાર	૨૬ અજીતસીંહ	૪૪ [illegible]
૯ [illegible]	૨૭ ભગવદગીતા	૪૫ [illegible]
૧૦ ઊમાદેવી	૨૮ કુલીન નાયકા	૪૬ રાજ રતન
૧૧ વીણાવેલી	૨૯ સતી દમયંતી	૪૭ પ્રહ્લાદ વિજય
૧૨ વીરવીજય	૩૦ સતી સુલોચના	૪૮ [illegible]
૧૩ મદન મંજરી	૩૧ કેસર કીશોર	૪૯ [illegible]
૧૪ ઉદયભાણ	૩૨ ભદ્રાયુ	૫૦ [illegible] ભા-૨
૧૫ મોહીનીચંદ્ર	૩૩ [illegible]	૫૧ [illegible]
૧૬ વીજય કુમાર	૩૪ ઊર્વશી	૫૨ સંસાર વીજય
૧૭ ગીતા સુંદરી	૩૫ [illegible] કન્યા	૫૩ દેવીદેવદત્તી
૧૮ સતી સીતા	૩૬ પવિત્ર લક્ષ્મી	૫૪ [illegible]-અશોક